**કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા**

# "મકાઈની વૈજ્ઞાનિક અને નિકાસલક્ષી ખેતી પદ્ધતિ તેમજ મૂલ્યવૃદ્ધિ"

વિષય અંતર્ગત તા.૧૫/૦૬/૨૦૧૬ના રોજ એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો.

કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા તેમજ મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, ગોધરાના સંયુક્ત ઉપક્રમે માનનીય કુલપતિશ્રી ડો. એન. સી. પટેલની અધ્યક્ષતામાં તા.૧૫/૦૬/૨૦૧૬ના રોજ "**મકાઈની વૈજ્ઞાનિક અને નિકાસલક્ષી ખેતી પદ્ધતિ તેમજ મૂલ્યવૃદ્ધિ** " વિષય પર કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ , ગોધરાના સેમિનાર હોલ ખાતે એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી કોલેજના પ્રિન્સિપાલ ડો. આર. સુબૈયાહે સર્વે આમંત્રિત મહેમાનોને શાબ્દિક પ્રવચન અને પુષ્પગુચ્છથી સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી કોલેજના ડીન ડો . ડી. સી. જોશી સાહેબે પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું અને મકાઈનાં પાકમાં આધુનિક ખેતી પદ્ધતિ અપનાવા ખેડૂતોને ભારપૂર્વક જણાવ્યુ હતું . માનનીય કુલપતિશ્રી ડો. એન. સી. પટેલે સર્વે ખેડૂતોને જૂના જમાનાથી ચાલી આવતી ખેતી પદ્ધતિ છોડી , અત્યારની ખેતીને વિજ્ઞાન અને ટેકનૉલોજી સાથે સાંકળી ગણતરી પૂર્વક ખેતી કરી સારી ગુણવતા વાળું અને વધારે ઉપજ મેળવવા, તેમજ થયેલ ઉપજ પર નાના પાયા પર મૂલ્યવૃદ્ધિના એકમો સ્થાપી અને મૂલ્ય વૃદ્ધિ કરી, સારું વડતર મેળવી ભાવિ પેઢીને શિક્ષણ આપી પંચમહાલ અને આજુબાજુના વિસ્તારમાં ગરીબીનું સ્તર ઓછું કરવા સૂચન કર્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં "મકાઇની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને જાતો, મકાઇની ખેતી પદ્ધતિમાં યંત્રિકીકરણ, ટપક સિંચાય પદ્ધતિથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ , મકાઈમાં જીવાત અને રોગ નિયંત્રણ અને મકાઈ અને મકાઈના લોટની મૂલ્ય વૃદ્ધિ" વગેરે વિષયો પર જે તે વિષય નિષ્ણાત દ્વારા પ્રવચન આપવામાં આવ્યું હતું અને આ બધા વિષયોનું સંકલન કરી એક વ્યાખ્યાન સંપુટ બનાવી ખેડૂતોને ભવિષ્યમાં માર્ગદર્શન માટે આપવામાં આવ્યું હતું. મકાઇ સંશોધન કેન્દ્ર એ ખેડૂતો માટે વિવિધ સંકર જાતોનું પ્રદર્શન ગોઠવ્યું હતું. ખેડૂતોને કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજના વિવિધ ભાગોની મુલાકાત લેવડાવી ખેતીમાં ઉપયોગી સાધનોથી માહિતીગાર કરવામાં આવ્યા હતા. અંતમાં એગ્રો પ્રોસેસિંગ વિભાગના હેડ ડો. નવનીત કુમારે સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.


કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ તથા
મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર
ખેડૂત તાલીમ કાર્યક્રમ
''મકાઈની વૈજ્ઞાનિક અને નિકાસલક્ષી ખેતી પદ્ધતિ
તેમજ મૂલ્યવૃદ્ધિ''

Project Director
ATMA Project




.